**સોગંદ આપ્યા.....**

**અરજદાર પ્રિયંકાબેન મોહીતભાઈ પરમારની આંક-૩૨ની સરતપાસ લગત સામાવાળાઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી વી.જી.રાવલ**

(૧) મારુ નામ પ્રિયંકાબેન મોહીતભાઈ પરમાર છે. એ વાત ખરી નથી કે, મારા સરતપાસના સોગંદનામામાં મેં માત્ર સહી કરેલી.

સવાલ:- તમે મોહીતભાઈ સાથે લગ્ન કર્યા હોય અને તે લગ્નનું પ્રમાણપત્ર આ કામે તમે રજુ કર્યુ હોય તેવું બનેલ નથી ?

જવાબ:- આ બધાય કાગળીયા તેમની જ પાસે છે, મારી પાસે નથી.

મોહીતભાઈ સાથે મારા લગ્ન અમદાવાદ ખાતે થયેલા. મારા અમદાવાદ ખાતે લગ્ન થયેલા ત્યારે મારા કાકાજી સસરા, મારા કાકીજી સાસુ, મારા જેઠ, અને મારા પપ્પા હાજર હતા. મારા લગ્ન સને ૨૦૧૨ના વર્ષમાં થયેલા, તેની તારીખ અને વાર મને યાદ નથી. એ વાત ખરી છે કે, મારા મોહીતભાઈ સાથે લગ્ન થયેલા ત્યારે આ બધાની હાજરી હતી તેથી સહમતીથી લગ્ન થયેલા હોય તેવું કહેવાય. એ વાત ખરી છે કે, મારી અરજીમાં જણાવ્યા મુજબ મારે મોહીતભાઈ સાથે પ્રેમસંબંધથી લગ્ન થયેલા. એ વાત ખરી છે કે, મારે શુભ નામનો કોઈ જ દીકરો છે નહી.

સવાલ:- શુભમ નામનો કોઈ પુત્ર તમારે હોય અને તે મતલબના કોઈ જ ડોકયુમેન્ટ આ કામે રજુ કરેલ હોય તેવું બનેલ નથી ?

જવાબ:- મારી પાસે અત્યારે એકપણ કાગળીયુ ન હતુ પરંતુ સ્કુલમાં બેસાડવા માટે અલગથી ડોકયુમેન્ટ કઢાવેલા તે મારી પાસે છે.

એ વાત ખરી છે કે, મારા મોહીતભાઈ સાથે થયેલા લગ્નના કાગળીયા હું કઢાવી શકુ તેમ છું. હું શુભમના જે કાગળો મારી પાસે છે તે રજુ રાખવા ખુશી છું. મારા પતિનું અવસાન તારીખ ૬/૪/૨૦૧૬નાં રોજ થયેલું. એ વાત ખરી છે કે, મોહીતભાઈના મરણનો દાખલો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મોહીતભાઈનું મરણ હળવદ મુકામે થયેલું. એ વાત ખરી છે કે, મેં હળવદ મુકામે નગરપાલીકા આવેલ છે તે જોયેલ છે. એ વાત ખરી છે કે, નગરપાલીકા કચેરીમાં જન્મ તથા મરણનું પ્રમાણપત્ર નીકળે. એ વાત ખરી છે કે, મેં હળવદ નગરપાલીકા કચેરીમાંથી મારા પતિનો મરણનો દાખલો મેળવવાનો કોઈ પ્રયત્ન કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારી પાસે મારા પતિના મરણના દાખલાની ઝેરોક્ષ નકલ છે. હું મારા પતિના મરણના દાખલાની નકલ આ કામે રજુ રાખવા ખુશી છું.

આ તબકકે સાહેદ તર્ફે ડોકયુમેન્ટ રજુ થવા માટે વધુ ઉલટતપાસ મુલતવી.

સ્થળ:- હળવદ.
તારીખ:- ૧૫/૯/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી )

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ